પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૩ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૩ | ૪ ડિસેમ્બર, ૨૦૧૬, રવિવાર ; માગશર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ૧૩૮૬૦ કરોડ જાહેર કરનાર મહેશ શાહની અટકાયત

## આઈટીના અધિકારીઓની સમક્ષ બિઝનેસમેન અને રાજકારણીઓના નામ જાહેર કરવાની જાહેરાત : છેલ્લી ઘડીએ મને બેક કરનારા ફરી ગયા

અમદાવાદ, તા.૩

કેન્દ્ર સરકારની ઈન્કમ ડિસ્કલોઝર સ્કીમ (આઈડીએસ) હેઠળ ૧૩૮૬૦ કરોડ રૂપિયાની જાહેરાત કરીને ભારે ખળભળાટ મચાવી દીધા બાદ ભૂગર્ભમાં જતા રહેલા અમદાવાદના પ્રોપર્ટી ડિલર અને બિઝનેસમેન મહેશ શાહ આજે એકાએક મીડિયા સમક્ષ ઉપસ્થિત થઈ ગયા હતા અને દાવો કર્યો હતો કે કમિશન માટે કેટલાક લોકોના ઈશારે આ આવક જાહેર કરવામાં આવી હતી. મહેશ શાહે એમ પણ કહ્યું હતું કે ટૂંક સમયમાં જ બ્લેક મની ધારકોના નામ તેઓ જાહેર કરશે. મહેશ શાહના આ નિવેદનથી ભારે ખળભળાટ મચી ગયો છે. ઘણા લોકોના નામ ખુલે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચોક્કસ આઈટીના અધિકારીઓ સમક્ષ જ લોકોના નામ જાહેર કરવાની વાત મહેશ શાહ દ્વારા કરવામાં આવી છે. લોકલ ટીવી ચેનલની ઓફિસમાં મહેશ શાહ ઉપસ્થિત થઈ ગયા હતા. મોડેથી પોલીસ અને આઈટીના અધિકારીઓ ચેનલની ઓફિસમાં પહોંચ્યા હતા અને તેમની અટકાયત કરી હતી. મહેશ શાહે કહ્યું હતું કે તેઓ કોઈ કારણસર આવ્યા ન હતા. ભાગી રહ્યા ન હતા. મીડિયાથી તેઓ દુર હતા. આઈડીએસ હેઠળ આ નાણાંની જાહેરાત કરવામાં આવી હતી. ટેક્સના પ્રથમ ઈન્સ્ટોલમેન્ટની ચૂકવણી કરી શકાઈ ન હતી. દરેકના નામનો ખુલાસો કરશે. શાહે એમ પણ કહ્યું હતું કે જે લોકોના નાણાં છે તે લોકો બિઝનેસમેન અને રાજકારણીઓ છે. તેઓએ ભુલ કરી છે પરંતુ ટૂંકમાં જ તમામ બાબતો જાહેર કરશે. સમગ્ર મામલામાં વાસ્તવિકતા સપાટી પર આવી જશે. બીજી બાજુ પોલીસ અધિકારીઓ અને આઈટી અધિકારીઓએ હવે તેમના દાવા પાછળની વાસ્તવિકતા જાણવાના પ્રયાસો હાથ ધર્યા છે. આવકવેરા વિભાગે સરખેજ પોલીસમાં લઈ ગયા બાદ મહેશ શાહનો કબજો લઈ લીધો હતો. હવે તેમની પૂછપરછનો દોર હાથ ધરવામાં આવનાર છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે ટૂંકમાં જ વિગતો ખુલી જશે. આવક વેરાના અધિકારીઓ ૨૯મી નવેમ્બરથી પહેલી ડિસેમ્બર

● અનુ. સાતમા પાને



## તંત્રને સાથ સહકાર આપવા માટે તૈયાર છું

અમદાવાદ, તા.૩


કેન્દ્ર સરકારની સ્કીમ હેઠળ ૧૩,૮૬૦ કરોડ જાહેર કરનાર મહેશ શાહને લઈને લોકોમાં હવે ભારે ચર્ચા જોવા મળી રહી છે. મહેશ શાહે કહ્યું છે કે છેલ્લા દિવસે નાણાં જાહેર કરવાનો પ્લાન પૂર્વ આયોજિત હતો. અમદાવાદ આઈટી વિભાગની ટીમ દ્વારા હવે મહેશ શાહની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવનાર છે. મહેશ શાહે ખાતરી આપી છે કે તે નિર્દોષ છૂટશે અને બ્લેક મની ધારકોના નામ જાહેર કરશે. તંત્ર સાથે સહકાર આપવા માટે શાહે તૈયારી દર્શાવી છે. મહેશ શાહને સૌથી પહેલા અમદાવાદના શહેર પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ આઈટી વિભાગે તેમનો કબજો મેળવી લીધો હતો. છેલ્લા ઘણા સમયથી તેમને લઈને ચર્ચા હતી. મહેશ શાહ જમીન દલાલીનું પણ કામ કરે છે. નાણું જાહેર કરવા માટે છેલ્લો દિવસ પસંદ કરવાને લઈને પણ ભારે ચર્ચા જોવા મળી રહી છે. છેલ્લા દસ દિવસથી ગુજરાતની બહાર રહેલા મહેશ શાહ મુંબઈથી પરત ફર્યા હતા.

# જન ધન ખાતાની રકમ ન ઉપાડવા મોદીનો અનુરોધ

મુરાદાબાદ, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબોના જન ધન ખાતામાં બ્લેક મની જમા કરવાની ફરિયાદનો મુદ્દો પણ જોરદાર રીતે ઉઠાવ્યો હતો. મુરાદાબાદમાં આ અંગે પરિવર્તન રેલીમાં મોદીએ આક્રમક રજુઆત કરતા કહ્યું હતું કે જે લોકો ગરીબોના જન ધન ખાતામાં પોતાની બ્લેક મની જમા કરાવી રહ્યા છે તેમને જેલભેગા કરવામાં આવશે. મોદીએ સામાન્ય લોકોને અને જનધન ખાતા ધરાવનારને અપીલ કરતા કહ્યું હતું કે જો તેમના ખાતામાં પડેલી રકમને જાળવી રાખવામાં આવશે તો તેઓ કોઈ રસ્તો કાઢી લેશે. જનધન ખાતામાં પડેલી રકમને નહીં ઉપાડવા મોદીએ ખાતા ધારકોને પરોક્ષ રીતે અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે અમીરો હવે ગરીબોના પગે પડી રહ્યા છે. બેંકોમાં જવાના બદલે અમીર લોકો ગરીબોના ઘરની બહાર લાઈન લગાવી રહ્યા છે. તેમને ગેરમાર્ગે દોરી રહ્યા છે. હજુ સુધી આવી બાબત ક્યારેય જોવા મળી ન હતી. તેમના હાઈકમાન્ડ તરીકે દેશના લોકો છે. લોકો માટે આ લડત ચલાવવામાં આવી રહી છે. તેમના પર જે લોકો આક્ષેપ કરી રહ્યા છે તેઓ વધારેમાં વધારે તેમની સાથે શું કરી લેશે. મોદીએ કેશલેસ સોસાયટીની ભરપુર તરફેણ કરી હતી અને કહ્યું હતું કે ભારત ૨૧મી સદીમાં છે. ડિજીટલ ઈન્ડિયા બનવાની દિશામાં છે.

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો



# અમે ગરીબોના હકની લડાઈ લડી રહ્યા છીએ : પ્રધાનમંત્રી

મુરાદાબાદ, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશમાં પરિવર્તન રેલીને સંબોધતા વિરોધ પક્ષો ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે વિકાસ મારફતે લોકોને વીજળી, પાણી અને ઘર મળશે. તેમણે ઉમેર્યુ હતું કે તમામ મુશ્કેલીઓની જડ ભ્રષ્ટાચાર છે. જેથી ભ્રષ્ટાચારને દુર કરવા માટે અમે ખૂબ જ કઠોર પગલાં લઈ ચુકયા છીએ. અગાઉની સરકારોમાં નોટનો જથ્થો



છપાતો હતો પરંતુ આ નોટના બંડલો ગરીબોના ઘરમાં પહોંચતા ન હતા. આ બંડલો ક્યાં જતા હતા તે તમામ લોકો જાણે છે.

તેમણે ઉમેર્યું હતું કે તેઓ ગરીબોની હકની લડાઈ લડી રહ્યા છે. અમે ફકીર વ્યક્તિઓ છીએ. કોઈપણ જગ્યાએ પહોંચી જઈશું. તેમણે એમ પણ કહ્યું હતું કે બેંકોના રાષ્ટ્રીયકરણ થયા બાદ પણ ગરીબોને બેંકમાં નહીં જવાની સ્થિતિ હતી. સાથે સાથે તેમના ખાતાઓ પણ ન હતા પરંતુ અમે આ તમામ સ્થિતિ બદલી ચુક્યા છીએ. વડાપ્રધાને કહ્યું હતું કે મુરાબાદમાં અનેક ગામોમાં વીજળીના થાંભલા ન હતા. અમે વીજળી પહોંચાડવાનું કામ કર્યું છે.

## આજે સિડનીમાં વન ડે

સિડની,તા. ૩

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આવતીકાલે ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ વનડે મેચોની શ્રેણીની પ્રથમ મેચ રમાનાર છે.જેને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ૧૨ મહિનાના ગાળામાં જ તેમની વચ્ચે હવે ત્રણ વનડે શ્રેણી યોજવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ચેપલ-હેડલી ટ્રોફીની શ્રેણી ફેબ્રુઆરીમાં રમાઈ હતી. જેમાં ઘરઆંગણે ન્યુઝીલેન્ડે જીત મેળવી હતી. હવે ન્યુઝીલેન્ડની ટીમ ત્રણ મેચો રમવા માટે ઓસ્ટ્રેલિયા પહોંચી છે. આગામી ફેબ્રુઆરીમાં તેમની વચ્ચે ન્યુઝીલેન્ડ વચ્ચે વનડે શ્રેણી રમાશે.

## ઉત્તર ભારતમાં ધુમ્મસની ચાદર

નવી દિલ્હી,તા. ૩

દિલ્હી, એનસીઆર અને ઉત્તરપ્રદેશ, હરિયાણા સહિત સમગ્ર ઉતર ભારતમાં ધુમ્મસની સ્થિતિ અકબંધ રહી છે. જેના પરિણામ સ્વરૂપે રેલવે અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. મોટી સંખ્યામાં લોકો જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા છે. જેથી અંધાધૂંધીની સ્થિતિ પણ સર્જાઈ છે. હવામાનમાં એકાએક ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે સવારે દિલ્હીમાં ધુમ્મસના લીધે ભારે મુશ્કેલી નડી હતી. ૩૮ જેટલી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફલાઈટોને માઠી અસર થઈ હતી. ઓછામાં ઓછી ૮૦ દિલ્હી જતી ટ્રેનો પણ નિર્ધારીત સમય કરતા મોડેથી દોડી રહી છે. બેથી ચાર કલાકનો વિલંબ ટ્રેનોમાં થયો છે. વિઝીબિલીટી ૫૦૦ મીટર નોંધાઈ હતી. સ્થિતિ સુધરતા લોકોએ રાહતનો દમ લીધો હતો. મળેલી માહિતી મુજબ ટ્રેનો મોડેથી દોડતા લોકોને ભારે મુશ્કેલી થઈ હતી. આગામી દિવસોમાં પણ આવી સ્થિતિ રહી શકે છે. ૧૩ ફલાઈટોને આજે રદ પણ કરવામાં આવી હતી.આજે જીવલેણ ધુમ્મસની સ્થિતી રહી હતી. જેના કારણે ટ્રાફિક, ટ્રેન અને ફલાઈટ ઓપરેશન પર માઠી અસર થઈ હતી. તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. કેટલીક જગ્યાએ તો ધુમ્મસના કારણે જીવલેણ અકસ્માતો થયા હતા. ધુમ્મસના લીધે દિલ્હીમાં અને અન્યત્ર ચારેબાજુ વિમાની અને ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. ધુમ્મસના કારણે દિલ્હી વિમાનીમથકે કેટલીક ફલાઈટના ઓપરેશનને રોકી દેવાની ફરજ પડી હતી. અત્રે નોંધનિય છે કે બુધવારના દિવસે પણ ૬૦થી વધારે ફલાઈટોને અસર થઈ હતી. પાટનગર દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં આગામી દિવસોમાં પણ ધુમ્મસની ચાદર રહે તેવી શક્યતા છે. જેના પરિણામ સ્વરુપે ટ્રેન સેવાને અસર થઈ શકે છે.

## ભારતીય બજારોમાંથી રોકાણકારોએ ૧૩૬૦૨ કરોડ પાછા ખેંચ્યા

નવી દિલ્હી, તા.૩

છેલ્લા ૩૦ દિવસના ગાળા દરમિયાન દેશમાં સ્થાનિક ફાઈનાન્સીયલ માર્કેટમાંથી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર (એફપીઆઈ) દ્વારા મોટા પ્રમાણમાં નાણાં પાછા ખેંચી લેવામાં આવ્યા છે. એક મહિનાના ગાળામાં જ ભારતીય બજારમાંથી ૧૩,૬૦૨ કરોડ રૂપિયાના વિદેશી ફંડ પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. સમગ્ર મામલામાં નાણા મંત્રાલયના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ પૈસાનો આંકડો બે અબજ ડોલર અથવા તો ૧૩૬ અબજ રૂપિયાની આસપાસનો છે. એમ માનવામાં આવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોટબંધીના નિર્ણય અને બીજા બજારોમાં રિટર્ન વધારે મળવાની

અપેક્ષા વચ્ચે ભારતીય બજારોમાંથી આ પૈસા પાછા ખેંચવામાં આવી રહ્યા છે. ગ્લોબલ માર્કેટમાંથી પૈસાના ફલો પર નજર રાખનાર સંસ્થા ઈમર્જિંગ પોર્ટફોલિયો ફંડ રિસર્ચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૨૩મી જૂનના દિવસે યુરોપિયન યુનિયનમાંથી બ્રિટન અલગ પડી ગયા બાદથી ઓકટોબર ૨૦૧૬ સુધી ભારતીય બજારોમાં આશરે ત્રણ અબજ ડોલર અથવા તો આશરે ૨૪૪ અબજ રૂપિયા આવ્યા હતા. કોટક ઈન્સ્ટીટ્યુશનલ ઈક્વિટી તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ બાબતની નોંધ લેવામાં આવી છે કે છેલ્લા એક મહિનાના ગાળા દરમિયાન બાકીના બજારોની સરખામણીમાં ભારતીય બજારોનું પ્રદર્શન ઓછુ રહ્યું છે. આનું મુખ્ય કારણ ભારત સરકાર તરફથી લેવામાં આવેલા નોટબંધીના નિર્ણયને પણ ગણવામાં આવે છે.

ફેબ્રુઆરી
કેરાલા • મુન્નાર • થેકડી
કોવાલમ • પદ્મનાભ મંદિર
સાઉથ ઈન્ડિયા :
તિરૂપતિ • શ્રી શૈલમ
મહાબલીપુર • મદુરાઈ
રામેશ્વરમ • કન્યાકુમારી
નેપાળ :
પશુપતિનાથ • પોખરા
મનોકામના • પુલ્હાશ્રમ
ભક્તિ ટુર્સ 98984 85949
90333 94250




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651